### ગાંધીનગરની બીબીએ કોલેજના એનએનએસ યુનિટ દ્વારા

# ‘એચ.આઈ.વી.અને એઈડ્સ બાબતે જાગૃતિ’ વિષયે વર્કશોપનું આયોજન








ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે તેઓ તેમના વ્યક્તિગત જીવનમાં સ્વસ્થ જીવન જીવે તેમજ આ વિદ્યાર્થીઓ થકી આપણો સમાજ પણ સ્વસ્થ રહે તેવા કાર્ય થાયતે માટે સતત પ્રેરણા આપવામાં આવી રહી છે.આજે સમાજમાં સૌથી વધારે આપણું યુવાધન કોઈને કોઈ પ્રકારના વ્યસનમાં સપડાયેલ છે તેમજ જાતીય જીવન માં રાખેલ અસાવધાનીથી એચ.આઈ.વી. અને એઈડ્સ જેવા જીવલેણ પડકારો વ્યક્તિ ની સામે ઊભા થાય જેથી તેની શારીરિક તેમજ માનિસિક સ્થિતિ બગડે તેમજ વ્યક્તિ સમાજ દ્વારા ત્યાજાયેલ મહેસુસ કરે. અને માનસિક રીતે પણ નબળો પડી જાય જેથી તે આપઘાત કે અન્ય દુર્ઘટના તરફ પ્રેરાય.આવા સંજોગોમાં યુવાનો પાસે સાચી માહિતી હશે તે જાગૃત રહેશે અને સમાજને પણ જાગૃત રાખશે.જેથી સમાજને પારાવાર નુકશાનથી બચાવી શકાશે.માત્ર એટલુજ નહિ, કેટલાયે પરિવારોને બરબાદ થતાં અટકાવી શકાશે. આવા સંજોગોમાં શૈક્ષણિક સંસ્થા તરીકે આપણી નૈતિક ફરજ છે કે આપણે યુવાનોને જાગૃત કરીએ તેમજ તેમના માધ્યમથી સમાજને પણ આવી બદીઓ થી મુક્ત બનાવીએ.આ બાબતને અનુલક્ષીને કોલેજમાં ૨૭ ફેબ્રુઆરીએ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા સુધી સંસ્થા તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મેડિકલ ફેકલટીના વિદ્યાર્થીઓના સંયુક્ત ઉપક્રમે યોજાઇ ગયો.કાર્યક્રમમાં ઉપસ્થિત ૧૦૫ વિદ્યાર્થીઓને કોલેજના વાઈસ પ્રિન્સીપાલ ડો,જયેશ તન્ના દ્વારા આવકારવામાં આવ્યા હતા તેમજ કોલેજના પ્રિન્સીપાલ ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા સમગ્ર કાર્યક્રમનાં હેતુઓ તેમજ મહત્વ વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી, ગ્લેડસન વાઘેલા(ઓર્ગેનાઈજર વિદ્યાર્થી) તેમજ વોલીયંટર્સ પુશટી તલાટી,સોમ્યા વર્મા,મુસ્કાન અરોરા, કાલ્ગી શાહ જેઓ MSAI ના સભ્યો છે.

તેઓ દ્વારા ઉપરોક્ત વાયરસ થી થતા શારીરિક,માનસિક તેમજ અન્ય નુકશાન બાબતે કારણો, સંકેતો તેમજ પરિણામો વિષે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી સમગ્ર તાલીમ ઓડિયો વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ અવેરનેસ વિષે વિદ્યાર્થીઓ પાસે ફોર્મ ભરાવાયા હતા.

આ વર્કશોપ ને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ.જયેશ જે.તન્ના પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સુંદર આયોજન કરવા માં આવ્યું હતું.

# કોઠા હાઈસ્કૂલ ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો



કલોલ, તા. ૧

કોઠા ગામે શેઠ કે.એન.પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ તેમજ ધોરણ ૭ થી ૧૦ના વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન સહઅભ્યાસ પ્રવૃત્તિ તેમજ ૨૬મી જાન્યુઆરીના સાંસ્કૃતિક કાર્યક્રમોનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર કે પટેલ (બાપુ) મંત્રી અરવિંદભાઈ કે ચોકસી, સહમંત્રી, જી કે પટેલ તેમજ કનુભાઈ ચોકસી તેમજ સહેજ શાળાના આચાર્ય કલમેશભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

તોઓએ બાળકોને પ્રથમવાર જાહેર પરીક્ષા આપવા માટે મનથી તૈયાર થવા તેમજ પરીક્ષામાં કેવી રીતે ઉત્તર લખવા વગેરે સમજાવી શુભેચ્છાઓ આપી હતી. શાળાના આચાર્યા નિમેષકુમાર જાનીએ પ્રાસંગિક પ્રવચન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક હિમાંશુ બી પટેલે સુપેરે કર્યું હતું.

# સી એમ પટેલ કૉલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં વાર્ષિકોત્સવ ‘ફિઝિયો બિટ્સ ૨૦૨૦’ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧

સી એમ પટેલ કૉલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં વાર્ષિકોત્સવ ‘ફિઝિયો બિટ્સ ૨૦૨૦’ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, જી સી પટેલ કૉલેજ હોસ્પિટલ તથા રિસર્ચ સેન્ટરના ડાયરેકટર ડૉ. કીર્તિભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલયના સોક્રેટરી બીપીનભાઈ પટેલ, રુપેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કે વૈટિયનાધન દ્વારા સ્વાગત પ્રવચન અનો કૉલેજનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. કૉલેજમાં અભ્યાસ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પ્રથમ સ્થાને આવનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતા.

ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને સમાજ કલ્યાણ માટે ઉપયોગી થાવ તથા સર્વ વિદ્યાલયના મંત્રને સાર્થક કરો તેવી શીખ ફિઝિયોથેરાપીસ્ટ બનીને જનાર પ્રથમ બેચના વિદ્યાર્થીઓને આપી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ ફિઝિયોથેરાપી કૉલેજના આચાર્યો તથા બી એસ એફ હોસ્પિટલના ડૉ. કનિકા ભાટી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજના તમામ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આભારવિધિ કૉલેજના વા.પ્રિ. ડૉ. ટીના ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કૉલેજના પ્રો. ડૉ. રચિતા હાડા તથા ડૉ. પાર્થ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# છાલા હાઈસ્કૂલ ખાતે ધોરણ-૧૦/૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો




છાલા, તા. ૧

શેઠ કે એમ શાહ સર્વોદય હાઈસ્કૂલ છાલામાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ એમ બી પટેલ, મંત્રી ચેલાભાઈ પટેલ, હાલીસા સ્કૂલના આચાર્યા લાલજીભાઈ દેસાઈ તતા કારોબારી સભ્ય ગમાભાઈ એલ પટેલ, બેચરભાઈ એચ પટેલ, સર્વે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખે બાળકોને મહેનત કરીને પરીક્ષામાં સારા ટકા સાથે ઉત્તિર્ણ થાવ તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. સાથે સાથે હંસાબેન પટેલ તથા મનિષાબેન પટેલ ગુરુજનોએ પણ શુભેચ્છા પાઠવી હતી. અંતમાં શાળાના આચાર્ય આર એસ ચૌધરીએ શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ શુકલએ કર્યું હતું.





ભારતીય ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યુટ ઓફ ગાંધીનગર (આઈઆઈટીજીએન) માં ડૉ. કિરણ પટેલ દ્વારા સેન્ટર ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ બીજો વાર્ષિક સસ્ટેનેબિલિટી ફેર યોજાયો. કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી કાર્તિકેય સારાભાઈએ સંબોધન સાથે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું, સ્થાપક અને નિયામક, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર; રતનચંદ જૈન, ભૂતપૂર્વ અધ્યક્ષ, સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ; અને સરબજીત સિંહ સહોતા, ઈમર્જન્સી નિષ્ણાત, આપત્તિ જોખમ ઘટાડો વિભાગ, યુનિસેફ ભારત. જેવા મહાનુભાવો હાજર રહ્યા હતા.

# ‘વી પોપ્યુલર’ ગુજરાત સ્ટેટ સિલેક્શન ફોર નેશનલ સીનીયર (ઓપન) ચેસ ચેમ્પીયનશીપ-૨૦૨૦ શરુ થઈ




ગાંધીનગર, તા. ૧

આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન શિલ્વા પટેલ (ડાયરેક્ટર, કર્ણાવતી કલબ), ભાવેશ પટેલ (સીઈઓ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), સમીર શાહ (ટ્રેઝરર, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ શેખર ચંદ્ર શાહુ દ્વારા કરવામાં આવ્યું. કુલ ૧૬૧ (૪ સ્પેશીયલ ખેલાડી (બ્લાઈન્ડ)) આ ખ્યાતનામ ટુર્નામેન્ટમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ભાગ લઈ રહ્યા છે. આ ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન અને વી પોપ્યુલર દ્વારા કરવામાં આવ્યું છે. બહારગામના ખેલાડીઓને (અમદાવાદ શહેરની બહારથી આવતા ખેલાડીઓ) રહેવાની વ્યવસ્થા ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા તદન નિઃશુલ્ક કરવામાં આવેલ છે. કુલ રૂા.૭૫,૦૦૦/- ના રોકડ ઈનામો વિજેતા પ્રથમ ૨૦ ખેલાડીઓને એનાયત કરવામાં આવશે તદ્ઉપરાંત અન્ડર-૧૩ના તમામ ખેલાડીઓને મેડલ દ્વારા નવાજવામાં આવશે. પ્રથમ ચાર શ્રેષ્ઠ ખેલાડીઓ નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે. આ ટુર્નામેન્ટ તા.૪-૩-૨૦૨૦ના રોજ પૂર્ણ થશે.

# IAF દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહની ઉજવણીનો પ્રારંભ






ગાંધીનગર, તા. ૧

દક્ષિણ પશ્ચિમ એર કમાન્ડના એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસિએશન (પ્રાદેશિક)ના પ્રમુખ શ્રીમતી નિર્મલા ઘોટિયાના નેતૃત્વમાં ૪૯ સંગીનીઓની ટીમે અમદાવાદમાં રીવરફ્રન્ટ ખાતે યોજાયેલી પિન્કેથોન ૨૦૨૦માં ભાગ લીધો હતો.

પોલાદી મનોબળ ધરાવતી આ મહિલાઓએ ભારતીય વાયુસેનાની ‘શક્તિ’ અને તેમના ‘ક્યારેય ન ઝુકવું’નો અભિગમ દર્શાવ્યો હતો. એક સંગીની (વાયુસેનાના યોદ્ધાના પત્નિ)એ કહ્યું હતું કે, હું ક્યારેય ઝુકીશ નહીં, હું ક્યારેય છોડીશ નહીં, હું મારી જાતને આગળ વધારીશ અને મારી પીડાઓને જીવનભરની ખુશીઓમાં પરિવર્તિત કરીશ. AFWWA (R)ના પ્રમુખની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ, વાયુ સંગીનીઓએ તમામ શ્રેણીમાં ભાગ લીધો હતો જેમાં પ્રમુખે પોતે પણ સૌથી આગળ રહીને ભાગ લીધો હતો. SWACના હેડક્વાર્ટર દ્વારા ફીટ ઈન્ડિયા ચળવળ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને વાયુસેનાના યોદ્ધાઓ અને તેમના પરિવારજનોની તંદુરસ્તી માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. અવિરત પ્રેક્ટિસ દ્વારા હસતા ચહેરાઓ સાથે વિપુલ સંખ્યામાં સહભાગીતા શક્ય બની હતી અને આવા કાર્યક્રમો ખરા અર્થમાં તેમના સ્વાસ્થ્યને ગુલાબી રાખે છે. આ આનંદપૂર્ણ સંગીનીઓએ કહ્યું હતું કે, ‘સ્વસ્થ રહો, ગુલાબી રહો’.

## ડાયરેક્ટ સે

સારા કામ કરતા રહો,
ભલે લોકો તમારા
વખાણ
ના કરે...
અડધાથી વધુ દુનિયા
ઊંઘતી હોય,
છતાં સૂર્ય ઊગે છે...

## જન્મદિને વધામણી



**વીણા વોરા**
નિવૃત્ત શિક્ષક
લાયોનેસ બોર્ડ મેમ્બર



**પ્રવીણભાઈ બી પટેલ**
મો. ૯૮૨૪૩ ૧૪૪૬૬



**ગ્રીષ્મા એન ત્રિવેદી**
લાયોનેસ કલબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક